# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭ તા.૧૩-૦૪-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : વિદેશ રજા મંજૂર કરવા બાબત.
સંદર્ભ : સેન્ટ્રલ ઓફિસ, અ.મ્યુ.કો. સરકયુલર નં.૦૪ તા.૧૨-૦૪-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદમાં વર્ગ-૧ થી વર્ગ-૪માં ફરજ બજાવતા કર્મચારીઓ/ અધિકારીશ્રીઓ વખતોવખત વિદેશ જવા માટે રજા મંજૂર કરવા આ સાથે સંદર્ભિત પત્રમાં દર્શાવેલ સૂચનાઓ પ્રમાણે રજા મંજૂર કરવામાં આવશે જેની નોંધ લેશો.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૩-૦૪-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

મ્યુનિસિપલ કમિશનરશ્રી ની સેન્ટ્રલ ઓફિસ

સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ - 380001

સરક્યુલર નં.: 04 તારીખ:12-04-2022

---

વિષય : વિદેશ રજા મંજૂર કરવા બાબત

સંદર્ભ : (૧) સેન્ટ્રલ ઓફીસ સરક્યુલર ન ૨ તા.૧૨.૦૪.૨૦૦૫ અનુસાર

(૨) સેન્ટ્રલ ઓફીસ સરક્યુલર ન ૧૮ તા.૩૧.૦૭.૨૦૧૮ અનુસાર

(૩) સેન્ટ્રલ ઓફીસ સરક્યુલર ન ૩૮ તા.૧૫.૧૦.૨૦૧૮ અનુસાર

આથી ઝોનલ ઓફીસ સહીત તમામ ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ/આસી મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ/ખાતાના વડા અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓને જણાવવાનુ કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જુદા જુદા ખાતામા વર્ગ ૧ થી ૪ મા ફરજ બજાવતા કર્મચારીઓ / અધિકારીશ્રીઓ વખતો વખત વિદેશ જવા માટે રજા મંજૂર કરવા સંદર્ભ નં-૩થી સરક્યુલર કરવામાં આવેલ છે. જેમા નીચે મુજબ આંશિક સુધારો કરેલ છે. જેની તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીઓએ નોધ લેવી.

1. વર્ગ-૧ ના અધિકારીશ્રીઓએ વિદેશ જવાની તમામ રજા માન.મ્યુનિસિપલ કમિશનરશ્રી પાસે મંજુર કરાવવાની રહેશે.
2. વર્ગ-૨ થી ૪ ના તમામ અધિકારીઓ/કર્મચારીઓએ પોતાના સંબંધિત ખાતા/ઝોનના ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રી મારફતે ડે.મ્યુનિસિપલ કમિશનર (વહીવટ) પાસે રજા મંજુર કરાવવાની રહેશે.ચાર માસ થી વધુ રજાની જરૂરીયાત હોય તો માન.મ્યુનિસિપલ કમિશનરશ્રી પાસે મંજુર કરાવવાની રહેશે.
3. વર્ગ- ૧ થી ૪ ના તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીઓએ સ્વ ખર્ચે વિદેશ જવાનું હોય તો વિદેશ જવા અંગે કેટલો ખર્ચ થવાનો છે. તથા તે ભંડોળ કયાથી એકત્રિત કરેલ છે. તેની તમામ વિગતો રજુ કરવાની રહેશે.
4. અ.મ્યુ.કોર્પો દ્વારા સરકારશ્રીના કામ અર્થે જે કેસમાં વિદેશ જવાનો ખર્ચ સરકાર તરફથી આપવાનો થતો હોય તેવા કેસોમાં માન.મ્યુનિસિપલ કમિશનરશ્રી મારફતે સરકારશ્રીની મંજુરી લેવાની રહેશે.
5. અ.મ્યુ.કોર્પો માં ડેપ્યુટેશન પર ફરજ બજાવતા સરકારી અધિકારીશ્રી /કર્મચારીઓને વિદેશ રજા મંજુર કરવા સરકારશ્રીના નિયમો લાગુ પડશે.

સહી:/- લોચન સેહરા

મ્યુનિસિપલ કમિશનર